# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

G20

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**નાણાંકીય વર્ષનાં ૨૦૨૩-૨૪ના ખર્ચ/ આવકનાં મેળવણાં કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં યુનિટ વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નાણાંકીય વર્ષ **૨૦૨૩-૨૪** પુર્ણ થયેલ છે. જેથી આપની કચેરીના તાબા હેઠળ ચાલતી પ્લાન, નોનપ્લાન, આઈ.સી.એ.આર, અધર એજન્સી તેમજ રીવોલ્વીંગ ફંડ સહિતની અન્ય તમામ યોજનાનાં સામેલ રાખેલ પત્રક મુજબ **તા. ૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૩૧/૦૩/૨૦૨૪** સુધીમાં તમામ બજેટ સદર હેઠળ થયેલ આવક, જાવક/ખર્ચ, ડીપોઝીટ અને એડવાન્સની બંધ સિલ્લક તેમજ હિસાબોના મેળવણા અંગેની કાર્યવાહી સંબંધિત કર્મચારીને અત્રેની **તિજોરી શાખામાં રૂબરૂ મોકલાવી** **તા. ૧૫/૦૪/૨૦૨૪ સુધીમાં પુર્ણ કરી લેવા જણાવવામાં આપવામાં આવે છે**.

વધુમાં **સને ૨૦૨૩-૨૪** ના નાણાંકીય વર્ષમાં **URP** સોફ્ટવેરમાં આપની કચેરી હસ્તકના બજેટ સદર હેઠળ ફાળવેલ ગ્રાન્ટ થયેલ ખર્ચ આવકનાં સંપુર્ણ હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ છે. જેથી આપની કચેરીમાં નિભાવવામાં આવતા ગ્રાન્ટ રજીસ્ટર આવક/ખર્ચનાં રજીસ્ટરો પ્રમાણે બરાબર ચકાસણી કરી યુનિવર્સિટી બજેટ સદર પ્રમાણે ખર્ચ/આવક પ્રમાણિત કરાવી લેવા વિનંતી છે. જેથી પાછળથી હિસાબો અંગે પ્રશ્નો ઉભા થાય નહીં. ઉક્ત સમયમર્યાદામાં હિસાબોનું મેળવણું કરવામાં નહીં આવે તો પાછળથી કોઈપણ જાતનાં સુધારા-વધારા કરી આપવામાં આવશે નહીં તેમજ અત્રેથી **AUC/UTC** ઈશ્યુ કરવામાં આવશે નહીં. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

**મેળવણા સમયે સાથે લાવવાના રેકર્ડ માહિતી:-**

૧. હિસાબ-૧૭ ખર્ચ રજીસ્ટર/હિસાબ-૧૬ આવક રજીસ્ટરો.
૨. પેશગી/અનામત રજીસ્ટરો.
૩. પગારભથ્થા રીફંડ તેમજ એબ્સ્ટ્રેક્ટ રીફંડ વિગેરેની માહિતી.
૪. રીવોલ્વીંગ ફંડ બજેટ સદર-૯૫૧૦ ના સામેલ પત્રક મુજબ આવક/ખર્ચનાં પત્રકો.
૫. તમામ બેંક ખાતાઓના **અત્રેની કંટ્રોલ શાખા દ્વારા વેરીફાઇ કરેલ રીકન્સીલેશન પત્રકો**.
૬. નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી સેપરેટ યોજનાનાં ફંડનું મેળવણું કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન થયેલ ખર્ચ/આવકનાં હિસાબી રજિસ્ટરો, કેશબુક તેમજ તે સમય દરમ્યાનની બેંક પાસબુક તેમજ **અત્રેની કંટ્રોલ શાખા દ્વારા વેરીફાઇ કરેલ રીકન્સીલેશન પત્રક** સાથે ખર્ચ/આવકનું મેળવણાં કરવા માટે હાજર રહેવા વિનંતી છે.
૭. **URP** ના સોફ્ટવેરના ડેટા સાથે કચેરી ખાતે ઉપલબ્ધ દસ્તાવેજો તેમજ નિભાવવામાં આવેલ રજીસ્ટરો સાથે મેળવણું પૂર્ણ કર્યા બાબતનું કચેરી વડાશ્રી તેમજ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રી એ આપવાનું થતું પ્રમાણપત્ર.

**જા.નં. નકૃયુ/હિનિ/વવહિઅ/બી-૭-૧/૧૨૭૧/૨૦૨૪**
**નવસારી, તા. ૦૧/૦૪/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૨)** અત્રેની કંટ્રોલ શાખા તેમજ તિજોરી શાખાના તમામ ટેબલો તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.